For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતની ખાડીઓની સ્થિતિ

ખાડીનું નામ	હાલની સપાટી	ભયજનક સપાટી
કાંકરા ખાડી	5.60	8.48
ભેદવાડ ખાડી	5.70	6.75
મીઠી ખાડી	7.80	9.35
ભાઠેના	5.65	8.28
સીમાડા	3.30	4.50

અલથાણમાં ખાડીના પાણી ભરાયા

કોઝવે ઓવરફ્લો

(તસવીર : સતીષ જાદવ)

બારડોલી, નાસુરા

વલસાડ ગરનાળું

પલસાણા, બલેશ્વર

પલસાણા અને બારડોલીમાં ૬-૬ ઇંચ વરસાદ, મહુવા અને ઓલપાડમાં ૪-૪ ઇંચ અને અન્ય તાલુકામાં ૧થી ૨ ઇંચ વરસાદ

દ.ગુ.માં સતત ત્રીજા દિવસે વરસાદ: બેનાં મોત

ચીખલીના કૂકેરીમાં ઘરની દીવાલ ધસી પડતાં શ્રમજીવી દંપતીનું મોત

સુરત જિલ્લામાં સતત ત્રીજા દિવસે મેઘતાંડવ, પલસાણા અને બારડોલીને ધમરોળતા મેઘરાજા

સુરત, ઘેજ : સુરત સહીત સમગ્ર જિલ્લામાં મોડે મોડે પ્રવેશેલા મેઘરાજાએ છેલ્લા ત્રણ દિવસથી જિલ્લાને ધમરોડી નાખ્યો છે. તેમાંએ ગઈકાલે બારડોલી અને પલસાણા તાલુકામાં તો જાણે પૂર લાવી દીધો હોય તેમ અનરાધાર વરસ્યા છે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ચુક્યું છે. સુરત શહેરમાં શનિવારે રાતથી શરૂ થયેલા વરસાદે આજે પણ સ્ફોટક ઈનિંગ રમી હતી. ગઈકાલે મોડી રાતથી શરૂ થયેલા વરસાદને પગલે સવારથી જ વહીવટી તંત્ર પણ દોડતું નજરે પડ્યું હતું. આજે સવારથી કાળા ડિબાંગ વાદળોની

...અનુસંધાન પાના 5 પર

સુરત જિલ્લાનો વરસાદ

તાલુકા	વરસાદ
પલસાણા	6 ઇંચ
બારડોલી	6 ઇંચ
ઓલપાડ	4 ઇંચ
મહુવા	4 ઇંચ
કામરેજ	2.5 ઇંચ
ઉમરપાડા	2 ઇંચ
માંડવી	2 ઇંચ
સુરત	2 ઇંચ
માંગરોળ	1.20 ઇંચ
ચોર્યાસી	1 ઇંચ

ડેમની સ્થિતિ

૩૦૬.૧૮ ફૂટ
ઇનફ્લો ૬ હજાર ક્યુસેક
હથનુર ડેમ ૨૧૦.૦૨૦ મીટર
ઇનફ્લો ૯૮૯ ક્યુસેક

ખાડીઓ છલકાતાં કિનારાના વિસ્તારમાં મિનિપૂર જેવી સ્થિતિ

કુંભારીયામાં 50 ઘરોમાં ખાડીના પાણી ઘૂસ્યા

સણીયાના સરસ્વતિ આવાસ પણ પાણીમાં ગરકાવ

સુરત : સુરત જિલ્લામાં ભારે વરસાદના કારણે નદીઓ અને ખાડી બે કાંઠે વહેતી થઈ છે. માંડવી, કામરેજ ,પલસાણા, કડોદ સહિતના ગામોના પાણી પણ હવે સીધા ખાડીમાં આવવાના શરૂ થયા છે. સુરતના પુણા કુંભારિયાની ખાડીમાં જળસ્તરમાં વધારો થતા આસપાસના વિસ્તારમાં પાણી ભરાયા ગયા છે. કુંભારીયા ગામના પાદર ફળિયાના અંદાજે 50 ઘરમાં કમર સુધીના પાણીમાં ભરાતા

...અનુસંધાન પાના 5 પર

સણિયા હેમાદ

લિંબાયતમાં ડી-વોટરિંગ પમ્પ તૈનાત

લિંબાયત ઝોનના ખાડી કિનારે આવેલા નીચાણવાળા વિસ્તાર એવા ઋષિ વિહાર, પરવત ડેપો પરવટ પમ્પીંગ સ્ટેશન અને એસ.કે. નગર ખાતે પમ્પ મુકાયા છે. હાલ તો સ્થિતિ કાબુમાં છે

...અનુસંધાન પાના 5 પર

નવસારી જિલ્લામાં 24 કલાકનો વરસાદ

નવસારી	6.7 ઇંચ
જલાલપોર	6.4 ઇંચ
ચીખલી	5.4 ઇંચ
ખેરગામ	4.4 ઇંચ
વાંસદા	4 ઇંચ
ગણદેવી	3.7 ઇંચ

વલસાડ જિલ્લાનો 24 કલાકનો વરસાદ

વલસાડ	4.4 ઇંચ
દમણ	3.54 ઇંચ
વાપી	2.4 ઇંચ
પારડી	1.7 ઇંચ
ધરમપુર	1.5 ઇંચ
કપરાડા	1.4 ઇંચ
ઉમરગામ	1.2 ઇંચ

ડાંગ જિલ્લાનો 24 કલાકનો વરસાદ

વઘઇ	3.16 ઇંચ
આહવા	2.04 ઇંચ
સુબિર	1.04 ઇંચ

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને ફુંકાયેલા પવનથી થયેલી તારાજી

- બીલીમોરા અને મરોલી રેલવે સ્ટેશનના પતરા ઊડીને રેલવે ટ્રેક ઉપર પડતાં ટ્રેન વ્યવહાર ખોરવાયો
- વિજલપોરના મંદિરમાં પાણી ભરાયું
- સમરોલીમાં ચીખલી-બીલીમોરા માર્ગ પર પાણી ભરાયા
- ઘેજ ગામમાં મકાનના પતરાનો શેડ જમીનદોસ્ત થતા ચાર વ્યક્તિને ઇજા
- ગણદેવી તાલુકામાં ઘરોના પતરાં ઊડ્યાં
- આતલિયા જીઈબી અને રેલવેની દીવાલ તૂટી પડી
- આંતલિયાની કાવેરી નદીનો લો લેવલ પુલ પાણીમાં ગરક થયો
- વલસાડ જિલ્લામાં કુંડી ગામમાં 10થી વધુ ઘરનાં છાપરાં ઊડ્યાં
- હાલર એપાર્ટમેન્ટનો ગેલેરીનો સ્લેબ તૂટી પડ્યો

વાલોડ-ડોલવણમાં ચાર-ચાર ઇંચ વરસાદ

ભરૂચના કસકમાં એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ તૂટી પડતાં યુવક ઘાયલ, રિક્ષાનો કચ્ચરઘાણ

બારડોલીમાં ચાર મકાનની આગળની દીવાલ તૂટી પડતાં એક યુવક ઘાયલ, બે બાઇકને પણ નુકસાન

સુરતઃ સુરત, ભરૂચ અને તાપી જિલ્લામાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. જેને કારણે ઘણી જગ્યાએ રસ્તા જળતરબોળ થઈ ગયા છે.

સુરતના બારડોલીમાં સોમવારે સાંજે 6થી મંગળવાર સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાકમાં જ 6 ઈંચ પાણી પડી ગયું હતું. જ્યારે નસુરામાંથી પસાર થતી ખાડીમાં પૂર આવતાં ગામના જ નવા ફળિયા, ગૂંદી ફળિયા, મહુડી ફળિયા, ટેકરા ફળિયાનો સંપર્ક કપાઈ જતાં લોકોને મુશ્કેલીમાં મુકાયા હતા. જ્યારે મીંઢોળા ઓવરા જતાં માર્ગ પર આવેલાં ચાર મકાનોની આગળની દીવાલ તૂટી પડતાં એક યુવક ઘાયલ થયો હતો. તો બે બાઈકને પણ નુકસાન થયું હતું. તો પલસાણામાં મેઘરાજાની ધબધબાટી બાદ બલેશ્વરથી જતા 4 રસ્તા બંધ કરાયા કરાયા હતા. મહુવામાં પણ ઘરો તૂટી પડવા સાથે શાળાઓમાં પાણી ભરાઈ ગયા હતા.

ભરૂચના કસકના અપ્સરા એપાર્ટમેન્ટની ગેલેરીનો ભાગ ધરાશાયી થઈ કાટમાળ નીચે પડતાં એક યુવકને ઈજા પહોંચી હતી. તો એક રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અંકલેશ્વરના ONGC બ્રિજ પર પ્રથમ વરસાદમાં જ મસમોટો ભૂવો પડતાં વાહનચાલકો હેરાન થઈ ગયા હતા.

તાપી જિલ્લામાં પણ મેઘરાજાની

...અનુસંધાન પાના 5 પર

રાજકોટ મનપાના ટાઉન પ્લાનર સાગઠિયાની ઓફિસ કે સોનાની લંકા?

ટીપીઓ સાગઠિયાની ઓફિસમાંથી 15 કરોડનું સોનું અને રોકડા 3 કરોડ મળ્યા

એસીબીએ સીલ કરેલી ઓફિસ ખોલીને લોકરની તપાસ કરતાં આંખ ફાટી જાય તેટલું સોનું મળ્યું

સાગઠિયા 6 દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર : એસીબીની ટીમે રાજકોટમાં 150 ફૂટ રિંગ રોડ પર ટ્વીન સ્ટાર ટાવરમાં સાગઠિયાની ખાનગી ઓફિસમાં આજે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન એસીબીની ટીમને 15 કરોડનું સોનું મળી આવ્યુ છે. જેમાં સોનાના દાગીના તથા સોનાના બિસ્કીટનો સમાવેશ થાય છે. રૂા. 2 લાખની ચાંદીના દાગીના તથા અઢી કિલો ચાંદી પણ મળી આવી છે. 8.50 લાખની ડાયમંડ જવેલરી, રોકડ 3.05 કરોડ, જુદા જુદા દેશોની ચલણી નોટો સહિત 1.82 લાખની વિદેશી ચલણી નોટો, અંદાજે 1.03 લાખની સોનાના પટ્ટાવાળી ઘડિયાળ તેમજ કિંમતી ઘડિયાળો નંગ 6 મળી આવી છે.

એસીબીની ટીમે અગાઉ 19-06-2024ના રોજ સાગઠિયા સામે બેનામી પ્રોપર્ટી વસાવવનો ગુનો દાખલ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગત તા.25મી મેના રોજ રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન આગકાંડમાં 27 લોકોનું મૃત્યુ થયુ હતું. જેમાં રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ વિભાગની નિષ્ફળતા બહાર આવી હતી.

એસીબી દ્વારા બેનામી પ્રોપર્ટીના કેસમાં રાજકોટ મનપાના ટાઉન પ્લાનિંગ અધિકારી મનસુખ સાગઠિયાની ધરપકડ બાદ આજે તેમને સ્પેશિયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા સ્પેશિયલ કોર્ટ દ્વારા આગામી 6 દિવસ માટે એટલે કે તારીખ 8મી જુલાઈના રોજ બપોરના 3 વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. સાગઠિયા સામે એસીબીએ ગત તા.19મી જૂનના રોજ બેનામી પ્રોપર્ટી વસાવવાનો ગુનો દાખલ કર્યો હતો. સાગઠિયાની ટ્રાન્સફર વોરંન્ટના આધારે તા.1લી જુલાઈના રોજ ધરપકડ કરીને તેમને સાથે રાખીને તેમની ખાનગી હોટલમાં તપાસ કરવામાં આવી હતી.

સાગઠિયાની બેનામી મિલકતોની યાદી

જય બાબારી પેટ્રોલ પંપ	સોખડા, રાજકોટ
ઈન્ડસ્ટ્રિયલ ગોડાઉન	સોખડા, રાજકોટ
જય બાબારી પેટ્રોલ પંપ	ગોમટા- ગોંડલ
હોટેલ	ગોમટા, ગોંડલ
ફાર્મ હાઉસ	ગોમટા, ગોંડલ
ખેતીની જમીન	ગોમટા, ગોંડલ
ખેતીની જમીન	ચોરડી, ગોંડલ
ઊર્જા ઈન્ડ. ગેસ ગોડાઉન	શાપર - કોટડા સાંગાણી
બાલાજી ગ્રીન પાર્કમાં પ્લોટ	મોવૈયા- પડધરી
અનામિકા સોસાયટીમાં બંગલો	રાજકોટ સિટી - યુનિ. રોડ
આસ્થા સોસાયટીમાં ટેનામેન્ટ	માધાપર - રાજકોટ
સી 1701 - એસ્ટર ફ્લેટ	અદાણી શાંતિ ગ્રામ ટાઉનશીપ બી -7, 802 લા મરીના અદાણી શાંતિ ગ્રામ ટાઉનશીપ
વાહનો કૂલ	6
વિદેશ પ્રવાસ	દુબઈ, યુરોપ , સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિય, યુ.કે.,મલેશિયા, માલદિવ, શ્રીલંકા

VNSGU એમએ ઈન ઈકો. એક્સટર્નલ પરીક્ષામાં 141 ઉમેદવારથી માત્ર 1 જ પાસ

માત્ર 0.52 ટકા પરિણામ આવતાં વિદ્યાર્થીઓમાં રોષ

સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિવાદનો પર્યાય બની ગઈ છે. તેના નિર્ણયો અને કામના કારણે હંમેશા વિવાદમાં રહેતી યુનિવર્સિટી આ વખતે પરીક્ષાના પરિણામને લઈને વિવાદમાં આવી છે. માસ્ટર ઈન ઈકોનોમિક્સની એક્સટર્નલ પરીક્ષા આપનાર 141 વિદ્યાર્થી પરિણામની રાહ જોઈ રહ્યા હતા. જો કે, પરિણામ માત્ર ચોંકાવનારા જ નહીં પરંતુ અકલ્પનીય હતા. કારણ કે, 141 ઉમેદવારોમાંથી માત્ર એક જ ઉમેદવાર ઉત્તિર્ણ થયો હતો. માસ્ટર ઓફ આર્ટ્સ ઈકોનોમિક્સ પાર્ટ 1 ની પરીક્ષાનું પરિણામ એક ટકા પણ આવ્યું નથી.

માસ્ટર ઓફ આર્ટ્સ ઈકોનોમિક્સ ભાગ 1 એક્સટર્નલ પરીક્ષાનું પરિણામ 0.52 ટકા જ આવ્યું છે. આ પરીક્ષા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ 192 ઉમેદવાર રજિસ્ટર્ડ થયા હતા. તે પૈકી 51 ઉમેદવારોએ પરીક્ષા આપી ન હતી. આ પરીક્ષા આપનારા તમામ 141 વિદ્યાર્થીઓ તેમના પરિણામની રાહ જોઈ રહ્યા હતા પરંતુ જ્યારે પરિણામ આવ્યું તે જોઈ બધાના હોંશકોંશ ઈડી ગયા હતા. 141 ઉમેદવારોમાંથી માત્ર એક જ ઉમેદવાર પાસ થયો, 140 ઉમેદવારો નાપાસ થયા હતા. આ પ્રકારના પરિણામોના કારણે વિદ્યાર્થીઓમાં રોષ છે. એક ટકા પણ પરિણામ ન આવતા યુનિવર્સિટીમાં કેટલાક વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી છે.

મોટા ભાગના પ્રશ્નો બહારથી આવ્યા હતા

આ સમગ્ર મામલે વિદ્યાર્થી મુકેશે જણાવ્યું કે, તેણે પરીક્ષાની તૈયારી કરી હતી પરંતુ પરીક્ષાના પેપરમાં ઘણા પ્રશ્નો હતા જે બહારથી પૂછવામાં આવ્યા હતા, કારણ કે પરીક્ષામાં મોટાભાગના પ્રશ્નો બહારથી આવ્યા હોવાથી અમને જવાબો લખવામાં મુશ્કેલી પડી હતી.

પરિણામ અંગે તપાસ થશે

“ એક-બે વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી છે, અમે વિદ્યાર્થીઓને કહ્યું છે કે ભેગા થઈને ફરિયાદ કરો.અમે તપાસ કરી રહ્યા છીએ કે આવા પરિણામો શા માટે આવ્યા અને તેની પાછળનું કારણ શું છે.

- રમેશ ગઢવી રજિસ્ટ્રાર,’

લોકસભામાં રાહુલ ગાંધીના હિન્દુ અંગેના નિવેદન બાદ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો

અમદાવાદમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ, કોંગ્રેસ કાર્યાલય પર પથ્થરમારો

કાચની બોટલો પણ ફેંકાઈ, પથ્થરમારામાં એક પોલીસકર્મીને ઈજા, ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

અમદાવાદઃ લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સિનિયર આગેવાન રાહુલ ગાંધીએ હિંદુઓ અંગે કરેલા નિવેદન બાદ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો છે. આ નિવેદનના વિરોધમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અમદાવાદના પાલડી સ્થિત આવેલી કોંગ્રેસ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. જ્યાં ભાજપ -કોંગ્રેસ કાર્યકરો વચ્ચે સામ સામે પથ્થરમારો થયો હતો. આ તબક્કે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી આવી જતા ઘર્ષણ થયું હતું. પથ્થરમારાની સાથે કાચની બોટલો પણ ફેકાઈ હતી. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીનો કાફલો દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા જ કાર્યકરોને ટીંગાટોળી કરીને અટકાયત કરી મામલો થાળે પાડ્યો હતો.

લોકસભામાં રાહુલ ગાંધીના હિન્દુ અંગેના નિવેદન બાદ ભાજપમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી. આજે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો વિરોધ પ્રદર્શન

...અનુસંધાન પાના 5 પર

નીલગીરીથી ડિંડોલીને જોડતા અંડર ગ્રાઉન્ડ બ્રિજની કામગીરી દરમિયાન ખાડામાં પડી જતાં યુવકનું મોત

ખાડામાંથી પાણી બહાર કાઢવા માટે મોટર ચાલુ કરવા જતાં યુવકનો પગ લપસી જતાં તે ખાડામાં પડી ગયો

સુરતઃ નીલગીરીથી ડિંડોલીને જોડતા અંડર ગ્રાઉન્ડ બ્રિજની કામગીરી દરમિયાન ખાડામાં પડી જતાં યુવકનું મોત નિપજ્યું હતું. સોમવારે સાંજે યુવક ખાડામાંથી પાણી બહાર કાઢવા માટે મોટર ચાલુ કરવા ગયો અને ત્યાં જ તેનો પગ લપસી જતાં તે ખાડામાં પડી ગયો હતો.

ડિંડોલી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની દિનેશ મંગુભાઇ ભાભર

...અનુસંધાન પાના 5 પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

કૈવલ ધામનિવાસી
બેસણું
અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી હસમુખભાઈ નાનુભાઈ ઉમરીગર તા. ૨૮/૦૬/૨૦૨૪ના રોજ કૈવલ ધામ નિવાસી થયા છે. સદ્ગતનું બેસણું તા. ૦૪/૦૭/૨૦૨૪ના રોજ ગુરુવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે. કરૂણાસાગર ભગવાન મહાન તપસ્વી રઘુરાજ મહારાજ એમની આત્માને શાંતિ અર્પે...
સત કૈવલ સાહેબ
Rs.
ગં. સ્વ. શોભનાબેન હસમુખભાઈ ઉમરીગર (પત્ની)
મનસુખભાઈ નાનુભાઈ ઉમરીગર (ભાઈ) ભીખાભાઈ રણછોડભાઈ ઉમરીગર (કાકા)
સ્વ. હર્ષદભાઈ નાનુભાઈ ઉમરીગર (ભાઈ) દીપકભાઈ બાબુભાઈ ઉમરીગર (ભાઈ)
ભાવિન હસમુખભાઈ ઉમરીગર (પુત્ર) અવિનાશ હસમુખભાઈ ઉમરીગર (પુત્ર)
મોનાલિષા હસમુખભાઈ ઉમરીગર (પુત્રી)
સ્વ. હસમુખભાઈ નાનુભાઈ ઉમરીગર સ્વ.તા ૨૮/૦૬/૨૦૨૪
નિવાસસ્થાન : B/54, કેશવનગર સોસાયટી, ઉમરગામ, સુરત-૩૬૫૦૦૭.